## નર્મદા જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

## ઓન લાઈન જાહેર નિવિદા નં.૦૯ સને ૨૦૨૬-૨૭

૧.૦ કાર્યપાલક ઇજનેરશ્રી, ભાવનગર જળસિંચન વિભાગ, પાનવાડી સિંચાઇ સંકુલ , ભાવનગર મારફત નીચે મુજબના કામોનુ ઓનલાઈન ટેન્ડરો મંગવામાં આવે છે.

૨.૦ સરકારશ્રીની માન્ય યાદીમાં નોંધાયેલ ઇજારદારશ્રીઓ પાસેથી નીચે મુજબના કામના ટેન્ડર કાર્યપાલક ઇજનેરશ્રી, ભાવનગર જળ સિંચન વિભાગ, ભાવનગર દ્વારા ઓન લાઇન માગવામાં આવે છે.

(એ) ગુજરાત સરકારશ્રી , નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, અથવા મા અને મ. વિભાગની માન્ય યાદીમાં નીચે કામની સામે દર્શાવેલ વર્ગમાં નોંધાયેલ ઇજારદારશ્રીઓ

(બી) સેન્ટ્રલ પી.ડબલ્યુ.ડી.રેલ્વે તથા અન્ય રાજ્યોમાં ગુજરાત સરકારશ્રી ની શ્રેણીની સમકક્ષ નીચે કામની સામે દર્શાવેલ વર્ગની શ્રેણીમાં નોંધાયેલ ઇજારદારશ્રીઓ. આવા ઇજારદારશ્રીઓએ બીડ રજુ કરતાં પહેલા ગુજરાત રાજયમાં નીચે કામની સામે દર્શાવેલ વર્ગની શ્રેણીમાં નોંધણી કરાવવા માટે અરજી કરવી અને કોન્ટ્રાકટ આપવાની તારીખ પહેલા નોંધણી મેળવવી જરૂરી

**<u>૩.૦ (અ) કામની સામાન્ય વિગત :</u>**

| ક્રમ | કામનું નામ | અંદાજીત રકમ રૂ. | બાનાની રકમ રૂ. | ટેન્ડર ફી રૂ. | કામ પૂર્ણ કરવાની સમય મર્યાદા | શ્રેણી/વર્ગ |
|---|---|---|---|---|---|---|
| ૧ | કન્સલ્ટન્સી સર્વીસીસ ફોર પ્લાનીંગ એન્ડ એસ્ટીમેટીંગ ફોર ધ **ન્યુ “સિંચાઇ** કોલોની” એટ પાનવાડી, ભાવનગર | ૬,૯૬,000/- | ૭000 | ૯00/- | ૩ (ત્રણ) વર્ષ | “ઈ-૨” અને તેની ઉપરની શ્રેણી |

**૩.૦ (બ) ઇ-ટેન્ડરીંગનું શેડયુલ :-**

| | | |
|---|---|---|
| ૧. | ટેન્ડર દસ્તાવેજ ડાઉનલોડ કરવાની તારીખ | તા.૩૦-૦૬-૨૦૨૬ થી તા.૧૪-૦૭-૨૦૨૬ ના ૧૬:00 કલાક સુધી. |
| ૨-અ | પ્રાઇસ બીડ ઓનલાઇન રજુ કરવાની તારીખ | તા.૩૦-૦૬-૨૦૨૬ થી તા.૧૪-૦૭-૨૦૨૬ ના ૧૮:00 કલાક સુધી. |
| ૨ (બ) | (બ) બાનાની અનામત, ટેન્ડર ફી અને અન્ય દસ્તાવેજો નિયત ફોર્મમાં પહોંચાડવાની છેલ્લી તારીખ ટેન્ડર ફીનો ડી.ડી. અને બાનાની અનામતની (એફ.ડી.આર. અને બેંન્ક ગેરેન્ટી) એક જ કવરમાં શીલ કરવી અને બીજા દસ્તાવેજો બીજા કવરમાં શીલ કરી સ્પિડપોસ્ટ/રજી.એ.ડી. મારફત કચેરીમાં બિડ અપલોડની છેલ્લી તારીખથી પાંચ વર્કિંગ દિવસ સુધીમાં રજુ કરવાના રહેશે). અસલ ટેન્ડર ફી અને બાનાની રકમ ઉપરોક્ત સમય મર્યાદામાં રજુ કરવામાં નહિં આવે તો ટેન્ડર રદ કરી અને કાળીયાદીમાંમુકવામાં આવશે. | તા.૧૪-૦૭-૨૦૨૬ થી તા.૨૧-૦૭-૨૦૨૬ સુધીના રોજ કચેરી સમય સુધીમાં.કાર્યપાલક ઇજનેરશ્રી,ભાવનગર જળસિંચન વિભાગ, પાનવાડી સિંચાઇ સંકુલ , ભાવનગર ની કચેરીમાં ટેન્ડર ખોલ્યા તારીખથી દિવસ- ૦૭ (સાત) સુધીમાં મળે તે રીતે સીલ બંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટ/ કુરીયર દ્વારા મોકલવાનાં રહેશે. |
| ૩. | ઓન-લાઇન ખોલવાની તારીખ/સમય/સ્થળ **(પ્રાથમિક કક્ષાએ)** | તા.૧૪-૦૭-૨૦૨૬ ના રોજ નીચે મુજબ.૧૮-૦૫ કલાકે (જો શકય હશે) કાર્યપાલક ઇજનેરશ્રી,ભાવનગર જળસિંચન વિભાગ, પાનવાડી સિંચાઇ સંકુલ , ભાવનગર |

૪.૦ <u>અરજી સાથે રજુ કરવાની થતી વિગતો</u>:

રસ ધરાવતા બીડરો ટેન્ડર દસ્તાવેજ ઓન-લાઇન <u>tender.nprocure.com</u> પર જોઇ શકશે. બીડરો તેમના ટેન્ડર દસ્તાવેજ ડાઉનલોડ કરી શકશે. રસ ધરાવતા બીડરોએ ટેન્ડર ફી પેટે જરૂરી રકમનો એકાઉન્ટ પે ડીમાન્ડ ડ્રાફ્ટ કાર્યપાલક ઇજનેર, ભાવનગર જળસિંચન વિભાગ,ભાવનગર ના નામનો રાષ્ટ્રીયકૃત બેંક અથવા શેડયુલ બેંક નો ભાવનગર ખાતે વટાવી શકાય તેવો રજુ કરવાનો રહેશે.

**<u>ટેન્ડર ભરવા ઇચ્છતાં બીડરોએ નીચેની વિગતોના દસ્તાવેજી પુરાવા, ટેન્ડર ફી અને બાનાની રકમ સાથે રજુ કરવાના રહેશે.</u>**

(૧) ટેન્ડર ફી (ફક્ત ડી.ડી. સ્વીકારવામાં આવશે, ચેક અથવા અન્ય ચેક સ્વરૂપે ટેન્ડર ફી સ્વીકારવામાં આવશે નહી.)

(૨) બાનાની રકમ (ઇ.એમ.ડી) (એફ.ડી.આર./બાના મુકિત પ્રમાણપત્ર/ બેંક ગેરેંટી)

(૩) માન્ય વર્ગ / શ્રેણીનું રજીસ્ટેશન પ્રમાણપત્ર ઉપરનાં કામમાં માગ્યાં મુજબ.

(૪) પાનકાર્ડ. અને જી.એસ.ટી.પ્રમાણપત્ર

(૫) સોલ્વંસી પ્રમાણપત્ર તા.૦૧/૦૧/૨૦૨૬ પછીની તારીખનું હોવું જોઇએ. અંદાજીત રકમનાં ૨૦ % રકમની વધારાની સોલવંસી સર્ટીફીકેટ-૨૦૨૬ માં ઈસ્યુ થયેલ રજુ કરવાનું રહેશે.અથવા રજીસ્ટ્રેશનનાં કલોઝ નં-૬ અન્વયે અથવા બેન્ક નિયમ મુજબ જે પ્રથમ હશે તે માન્ય રહેશે.

(૬) કન્સલ્ટન્સ/બિડરે પાસે આર્કિટેક્ચરલ એન્જિનિયર અને સ્ટ્રક્ચરલ એન્જિનિયર હોવો જોઈએ જેની પાસે આર્કિટેક્ચરલ એન્જિનિયરિંગ અથવા સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગની ડિગ્રી હોવી જોઈએ. અને તેની પાસે માન્ય યુનિવર્સિટીમાંથી ડિગ્રી ધરાવતો લિસ્ટેડ કર્મચારી હોવો જોઈએ.

(૧) ૦૧ લાયકાત ધરાવતા આર્કિટેક્ચરલ એન્જિનિયર અને ૦૧ સ્ટ્રક્ચરલ એન્જિનિયર જેની પાસે માન્ય યુનિવર્સિટીમાંથી ડિગ્રી મેળવેલ હોવી જોઈએ. (માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીમાંથી આર્કિટેક્ચરલ અને સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગનું ડિગ્રી પ્રમાણપત્ર.)

(૨) ઓછામાં ઓછું ૦૧ બી. ઈ સિવિલ એન્જિનિયર અને ૦૧ ડિપ્લોમા એન્જિનિયર કે તેથી વધુ જેની પાસે માન્ય યુનિવર્સિટીમાંથી ડિગ્રી હોય.

(૭) કન્સલ્ટન્ટને સરકારી/અર્ધ-સરકારી/નિગમમાંથી સમાન પ્રકારના કામનો અનુભવ હોવો જોઈએ. તેમને સરકારી/અર્ધ-સરકારી/નિગમ બિલ્ડિંગના પ્લાનિંગ, ડિઝાઇનિંગનું કામ પૂર્ણ કરવાનો અનુભવ હોવો જોઈએ. તેમજ છેલ્લા ૦૫ (પાંચ) વર્ષમાં કરવામાં આવેલા સમાન પ્રકારના કામોની વિગતો ૨,૫૦,૦૦,૦૦૦=૦૦( બે કરોડ પચાસ લાખ)) અથવા તેથી વધુ રકમના બાંધકામ ખર્ચનું ફોર્મ-૩એ અથવા તેના વર્ક ઓર્ડરની નકલ સાથે રજુ કરવાનું રહેશે.

**Ragistration Renewal Slip will not be acceptable in any Circumstances as per G.R. No. TNC/10/2016/(FA-591-16 ) C. Dt. 03/09/2016.**

**જે બીડરો આ કામમાં ભાગ લેવા માંગતા હોય તેમણે tender.nprocure.comમાં રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. ઇન્ફર્મેશન ટેકનોલોજી એકટ-૨૦૦૦ અનુસાર દરેક બીડરે ડીજીટલ પ્રમાણપત્ર મેળવી તેમના ઇલેક્ટ્રોનીક બીડ પર સહી કરવાની રહેશે. સદર પ્રમાણપત્ર મેળવવા માટે બીડરે નીચે દર્શાવેલ સરનામે સંપર્ક કરવાનો રહેશે.**

**(n) code solution-A division of GNFC Ltd**
**301, GNFC Info tower, S.G. Road, Bodakdev.**
**Ahmedabad 380054 (Gujarat)**
**Toll Free No. 18002331010 (Extn No. 321)**
**Email : djkantharia @ gnvfc.net**
**www.ncodesolutions.com**
**Phone No 079 26854511, 26854512, 26854513**
**Fax : 079-26857321**

૫.૦ <u>સંબંધિત અધિકારી</u> :
કામને લગતી અન્ય માહિતી કાર્યપાલક ઇજનેરશ્રી, ભાવનગર જળસિંચન વિભાગ, પાનવાડી સિંચાઇ સંકુલ , ભાવનગર (ઓ)-૦૨૫૧૫૭૩૭, પાસેથી મળી શકશે.

૬.૦ <u>ટેન્ડર દસ્તાવેજ ડાઉનલોડ કરવા બાબત</u>.:
આ કામ માટેના ટેન્ડર દસ્તાવેજો ફકત ઇલેકટ્રોનીક ફોર્મેટમાં જ ઉપલબ્ધ થઇ શકશે. જે બીડર વિના મુલ્યે ડાઉનલોડ કરી શકશે.

૭.૦ <u>ટેન્ડર મોકલવા બાબત</u> :
ડીજીટલ સહિ સાથે જરૂરી ટેન્ડરો ઇલેકટ્રોનીક ફોર્મેટમાં ઉપર જણાવ્યા પ્રમાણેની વેબસાઇટ પર **તા.૩૦-૦૬-૨૦૨૬ થી ૧૪-૦૭-૨૦૨૬નાં** ૧૬-૦૦ કલાક સુધીમાં મોકલવાના રહેશે. ડીજીટલ સહી વગરના ટેન્ડરો સ્વીકારવામાં આવશે નહી. રૂબરૂમાં પણ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી. તેમ છતાં આ રીતે ટેન્ડર મોકલનાર બિડરના ટેન્ડર રદ ગણવામાં આવશે. દરેક બિડરે (ટેન્ડર ફી) એકાઉન્ટ પે ડીમાન્ડ ડ્રાફટ તથા ઇ.એમ.ડી. (ફકત એફ.ડી.આર/બાના મુકિત પ્રમાણપત્ર) કાર્યપાલક ઇજનેરશ્રી, ભાવનગર જળસિંચન વિભાગ, ભાવનગરના નામનો ઉપર પારા નં.૨.૦ (બ) ઉલ્લેખ મુજબ તા.૧૫-૦૭-૨૦૨૬ થી તા.૨૨-૦૭-૨૦૨૬ સુધીમાં કચેરી સમય દરમ્યાન અલગથી રજુ કરવાનો રહેશે. જે એજન્સીના ટેન્ડરના જરુરી દસ્તાવેજો ઉપર દર્શાવેલ નિયત સમય મર્યાદામાં રજુ કરવામાં નહીં આવે તો તેના ટેન્ડર ખોલવામાં આવશે નહીં.

૮.૦ <u>ટેન્ડર ખોલવા બાબત</u>

પ્રાથમિક બીડ (ઓનલાઇન) **તા.૧૫-૦૭-૨૦૨૬નાં ૧૨-૦૦** (જો શક્ય હશે તો) કલાકે વેબ**સાઇટ** <u>tender.nprocure.com</u> કે જેનો ઉલ્લેખ ઉપર પારા નં. ૦૩માં કરવામાં આવેલ છે. તે મુજબ ખોલવામાં આવશે.

ટેન્ડર ભરનાર બીડર અથવા તેના પ્રતિનિધિ જો ઓનલાઇન ટેન્ડર ખોલવાના સમયે ભાગ લેવા માંગતા હોય તો તેમણે તે સમયે અને તારીખે <u>tender.nprocure.com</u> લોગ ઓન કરીને ભાગ લઇ શકશે. વધુ વિગતો માટે "વેન્ડર ટ્રેઇનીંગ મેન્યુલ" જોઇ લેવા વિનંતી છે. જે બીડર ટેન્ડર ખોલવાના સમયે હાજર રહેવા માંગતા હોય તેઓ હાજર રહી શકશે. દરેક બીડરના એક અધિકૃત પ્રતિનિધિને હાજર રહેવા દેવામાં આવશે.

૯.૦ **સામાન્ય સુચનાઓ** :

- ભરવામાં આવેલ ટેન્ડર ફી કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર રહેશે નહી.
- બિડ સિક્યુરીટીની રકમ ટેન્ડરમાં ઉલ્લેખ કર્યા પ્રમાણે રજુ કરેલ હશે તો જ સ્વિકારવામાં આવશે. બાનાની અનામતની રકમ ઓન લાઇન સબમિશનની છેલ્લી તારીખથી ઓછામાં ઓછી **૧૬૫ દિવસની** મુદતની હોવી જોઇએ.
- બિડ વેલીડીટીનો બિડ સબમીટ કર્યાની અંતિમ તારીખ થી ૧૨૦ દિવસનો સમયગાળો માન્ય રહેશે.
- શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.
- સૌથી નીચા અથવા બધાજ ટેન્ડરો કોઇપણ કારણ બતાવ્યા વગર સ્વિકારવા કે રદ કરવાની સતા સરકારશ્રીને અબાધિત રહેશે.
- નિવિદા એ કોન્ટ્રાકટના કરારખતના એક ભાગ તરીકે ગણાશે.
- દરેક બિડરે ટેન્ડર દસ્તાવેજમાં જણાવેલ દરેક સુચનાઓ તથા લાયકાતના માપદંડો કાળજી પુર્વક વાંચી લેવાના રહેશે.
- ઇ-ટેન્ડર માટે ઇન્ટરનેટના સરનામા તરીકે tender.nprocure.com રહેશે.
- વિગતવાર જાહેર નિવિદા www.statetenders.gujarat.gov.in પર ઉપલબ્ધ રહેશે.
- દર શનિવારે સાંજે ૪.૦૦ થી ૫.૦૦ કલાક વચ્ચે (n)code solution-a division of GNFC Ltd. ખાતે વેન્ડર તાલીમ કેમ્પ યોજવામાં આવે છે. દરેક બિડરે તેનો લાભ લેવા અનુરોધ છે.
- બાનાની રકમ/બાના મુકિત પ્રમાણપત્ર, ટેન્ડર ફી, માન્ય વર્ગશ્રેણીનું રજીસ્ટેશન પ્રમાણપત્ર, જી.એસ.ટી.પ્રમાણપત્ર,પાનકાર્ડ વિગેરે બીડ ઓન લાઇન અપલોડીંગ કરતી વખતે સ્વચ્છ સ્કેનીંગ કરી રજુ કરવાના રહેશે.
- બિડ સિક્યુરીટીની (એફ.ડી.આર. અને બેક ગેરેંટી), ટેન્ડર ફીના ડીમાંડ ડ્રાફ્ટ તેમજ અન્ય દસ્તાવેજો નિયત કરેલ તારીખ અને સમય સુધીમાં રજી. એ.ડી.પોસ્ટ અથવા કુરીયર ધ્વારા રજુ કરવાના રહેશે. તેમજ ટેન્ડર ફી, બાનાની રકમનો ડી.ડી. એફ.ડી.આર. જાહેર નિવિદા બહાર પાડ્યા બાદની તારીખનો રજુ કરવાનો રહેશે.
- ૧% લેબર વેલફર સેસ નિયમ અનુસાર ઠેકેદારશ્રીનાં બિલમાંથી કપાત કરવામાં આવશે. તથા સરકારશ્રી તરફથી તા.૦૧/૦૭/૨૦૧૭ થી અમલમાં આવેલ G.S.T. મુજબની ગણતરી કરી ટેન્ડર ભરવાનું રહેશે. G.S.T. નાં વખતો વખત નાં પરિપત્રો કોન્ટ્રાક્ટરશ્રી ને બંધનકર્તા રહેશે. ગુજરાત સરકાર નાં માર્ગા અને મકાન વિભાગ સચિવાલય ગાંધીનગર ક્રમાંક-ટીએનસી-૧૦-૨૦૧૭-૫૦-સી તા.૨૯/૦૮/૨૦૧૭ બંધનકર્તા રહેશે.
- જે ઈજારદારશ્રીએનાં રજીસ્ટ્રેશન પુર્ણ થઇ ગયેલ હોય તો રજીસ્ટ્રેશનની ફી ની પહોંચ સ્વીકારવામાં આવશે નહી.
- કોન્ટ્રાકટર દ્વારા બાંહેધારી પત્રક ભરીને મોકલવાનું રહેશે.
- ટેન્ડરની ખાસ શરતોને ધ્યાને લીધા બાદ જ ભાવ ભરવાનાં રહેશે.
- બિડ સિક્યુરીટીની (ઇ.એમ.ડી) એફ.ડી.આર નિવિદા પસિધ્ધ થયા પછીની તારીખના હોવા જોઈએ.

**કાર્યપાલક ઈજનેર**
**ભાવનગર જળસિંચન વિભાગ**
**ભાવનગર**